એપ્રિલ ૨૦૧૩

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## પ્રાર્થના પહોંચે પરમાત્માને



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૮
સળંગ અંક : ૫૬
એપ્રિલ ૨૦૧૩

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# પ્રાર્થના પહોંચે પરમાત્માને

## સંપાદકીય

બાળમિત્રો,

'હે ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ.'

નાનપણથી આપણે સૌ આ અને આવી બીજી અનેક પ્રાર્થનાઓ ગાતા આવ્યા છીએ અને સાંભળતા આવ્યા છીએ. પ્રાર્થના પર આપણને અતૂટ શ્રદ્ધા છે કે ભગવાન પ્રાર્થના સાંભળે છે અને આપણી સર્વ ઈચ્છાઓ પૂરી કરે છે.

હા, વાત ખોટી તો નથી જ. આ અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીની પ્રાર્થના અંગેની સુંદર સમજણો મૂકવામાં આવી છે. પ્રાર્થના એટલે શું? કેવી રીતે કરાય? શું કરાય ? કયા હેતુ સાથે કરાય ? વગેરેની સમજણો ઉપરાંત રોજિંદા તેમ જ વિદ્યાર્થી જીવનમાં મદદરૂપ થાય એવી અદ્ભુત પ્રાર્થનાઓ પણ આમાં મૂકવામાં આવી છે, જેનો ઉપયોગ કરનાર દરેક વ્યક્તિ પ્રગતિના પંથે પ્રયાણ કરે એ જ ભાવના....

—ડિમ્પલ મહેતા

અ ક્ર મ એ ક્સ પ્રે સ

અ નુ ક્ર મ ણિ કા

૦૩ દાદાજી કહે છે....
૦૪ પ્રાર્થના તો આવી હોજો !
૦૬ આ તો નવી જ વાત !
૦૮ અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના.....
૧૧ તમારી જાતને ચકાસી જુઓ.....
૧૨ ચાલો રમીએ...
૧૪ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૬ મીઠી ચાઈ...
૧૭ પૂજ્યશ્રી સાથે બાળકો....
૧૮ પ્રાર્થના....
૧૯ પઝલના જવાબ....

# દાદાજી કહે છે..



**પ્રશ્નકર્તા : પ્રાર્થના એટલે શું?**

દાદાશ્રી : પ્રાર્થના એટલે પોતાના ધ્યેય સુધી પહોંચવા માટે ખૂટતી શકિતઓ માંગવી તે.

**પ્રશ્નકર્તા : બધાંયને સુખ આપવાની શક્તિ મળે એવી પ્રાર્થના કરવાનીને?**

દાદાશ્રી : હા, એવી પ્રાર્થના કરાય ને. દરરોજ સવારના દિલથી પાંચ વાર પ્રાર્થના કરવી કે 'પ્રાપ્ત મન-વચન- કાયાથી આ જગતના કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર પણ દુઃખ ન હો, ન હો, ન હો.'

**પ્રશ્નકર્તા : કોઈ આપણી સાથે વાંકા ચાલે તો શું કરવું?**

દાદાશ્રી : કોઈ વાંકે રસ્તે જાય તો પ્રભુને પ્રાર્થના કરવી કે આના પર કૃપા કરો. આપણે સુધારવાનું ના હોય. સામાને વિશ્વાસમાં લેવા જેવો છે. આ બોલ બોલ કરવાથી કોઈનું સુધરે નહીં. સુધારવા કરતાં સારી ભાવના ભાવો. પ્રભુને પ્રાર્થના કરવી કે આના પર કૃપા કરો. મને તથા જગતને સદ્‌બુદ્ધિ આપો. જગતનું કલ્યાણ કરો.

**પ્રશ્નકર્તા : જગતમાં પ્રાર્થના કરે છે એનું ફળ તો આવે ને?**

દાદાશ્રી : પ્રાર્થના સાચી હોવી જોઈએ. કોઈ હૃદયશુદ્ધિવાળો હોય તેની પ્રાર્થના સાચી હોય, પ્રાર્થના કરતી વખતે ચિત્ત બીજે હોય તો તેની પ્રાર્થના સાચી ના કહેવાય. પોપટ ઠોકાઠોક ના ચાલે, પોપટ રામ બોલે, રામ આયારામ-ગયારામ બોલે, રામ રામ બોલે, તે સમજીને બોલે કે સમજ્યા વગર ? તેવી રીતે આ પ્રાર્થનાઓ સમજીને, વિચારપૂર્વક, હૃદયને અસર થાય એવી હોવી જોઈએ.

## કયું ઉત્તમ?

એક માણસ ભગવાનને રોજ પ્રાર્થના કરે કે 'હે ભગવાન, મને સુખી કરો' બીજો માણસ પ્રાર્થના કરે ત્યારે બોલે કે, 'હે ભગવાન, ઘરનાં બધા માણસો સુખી થાય' એમાં પોતે તો આવી જ જાય. તો એમાં ખરો સુખી બીજો માણસ થાય. પહેલાની અરજી નકામી જાય. અને આપણે તો જગત કલ્યાણની ભાવના ભાવીએ તેમાં પોતાનું આત્યંતિક કલ્યાણ આવી જાય.

## પ્રાર્થનાથી શક્તિઓ પ્રાપ્ત

**પ્રશ્નકર્તા : ઊંચે ચઢવા માટે આ શક્તિઓ કઈ રીતે માંગવી ને કોની પાસે માંગવી?**

દાદાશ્રી : પોતાના શુદ્ધાત્મા પાસે, અગર તો દાદા પાસે શક્તિઓ મંગાય અને જેને સ્વરૂપનું જ્ઞાન ના હોય તે પોતાના ગુરુ, મૂર્તિ, પ્રભુ જેને માનતો હોય તેની પાસે શક્તિઓ માંગે. જે જે પોતાનામાં ખોટું દેખાય તેનું લિસ્ટ કરવું જોઈએ ને તે માટે શક્તિઓ માંગવી જોઈએ. તેનાં પ્રતિક્રમણ કરો, દાદા પાસે શક્તિઓ માંગો કે આવું ના હોવું જોઈએ તો તે જાય. આ નાના નાના દોષો તો પ્રાર્થનાથી જ ઊડી જાય. પહેલાં પ્રાર્થના નહોતી કરી તેથી દોષો ઊભા રહેલા, તે પ્રાર્થના કરવાથી પડી જાય.





**પ્રશ્નકર્તા : દાદા, પ્રાર્થનાથી જેનું જે પ્રારબ્ધ (નસીબ) છે, કોઈને માંદુ પડવાનું છે, કે કોઈને કંઈ નુકસાન જવાનું છે, તો એ બદલાય ખરું?**

દાદાશ્રી : એવું છે ને... પ્રારબ્ધના પ્રકાર હોય છે. એક પ્રકાર એવો હોય છે એ પ્રાર્થના કરવાથી ઊડી જાય, બીજો પ્રકાર એવો છે કે તમે સાધારણ પુરુષાર્થ કરો તો ઊડી જાય અને ત્રીજો પ્રકાર એવો છે કે તમે ગમે તેટલો પુરુષાર્થ કરોને તોય ભોગવ્યા વગર છૂટકો જ ના થાય. એ બહુ ચીકણો હોય, પણ એમાંય પ્રાર્થનાથી તે ઘડીએ સુખ થાય. એટલે પ્રાર્થના તો કરવી જ જોઈએ.



# પ્રાર્થના તો આવી હોજો !



સન ૧૮૮૪માં, જ્યારે નરેન્દ્રનાથ (સ્વામી વિવેકાનંદ) એમની બી.એ.ની પરીક્ષા માટે તૈયારી કરી રહ્યા હતા, ત્યારે એમના પરિવાર પર એક ભારે આફત આવી પડી. એમના પિતાજી વિશ્વનાથનું અચાનક મૃત્યુ થયું અને આખું પરિવાર અત્યંત શોકમાં ડૂબી ગયું. વિશ્વનાથે આખી જિંદગી એમના ગજા બહાર ખર્ચ કર્યો હતો. તેથી મૃત્યુ બાદ બધા લેણદારો એમના પરિવારને ખૂબ હેરાન કરવા લાગ્યા.

મોટા હોવાને કારણે હવે આખા પરિવારની જવાબદારી નરેન્દ્રનાથના માથે આવી પડી. પરિવારના સાત-આઠ સભ્યોનો નિર્વાહ ચલાવવા માટે તેઓ નોકરીની શોધમાં ભટકવા લાગ્યા. પરંતુ નોકરી મેળવવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ જતા. પોતાના પરિવારને પૂરતું ખાવા મળે તેથી તેઓ ઘણીવાર ખોટું બોલતા કે તેમણે કોઈ મિત્રને ત્યાં જમી લીધું છે અને ઘણીવાર પોતાના ભૂખ્યા ભાઈ-બહેન અને માતાને યાદ કરી તેઓ મિત્રો પાસેથી મળતું જમવા માટેનું આમંત્રણ સ્વીકારતા નહીં. નરેન્દ્રના પૈસાદાર મિત્રોને એમની કઠિન પરિસ્થિતિનો ખ્યાલ હતો છતાં કોઈએ એમને મદદ નહોતી કરી, અને આમ પણ એમનું પરિવાર ખૂબ સ્વમાની હતું. એટલે મદદ માટે કોઈની પાસે હાથ લંબાવવાનો તો એમને સ્વપ્ને પણ વિચાર નહોતો આવ્યો. નોકરીની શોધમાં તેઓ ઘણીવાર ભૂખ્યા-તરસ્યા નીકળી પડતા. એમના ઘણા મિત્રોએ એમને અપ્રામાણિક રીતે પૈસા કમાવવા માટે પ્રેરણા આપી પણ નરેન્દ્રનાથ ચોખ્ખી ના પાડી દેતા.

એક દિવસ, રાબેતા મુજબ નોકરીની શોધમાં નીકળતા પહેલાં નરેન્દ્રનાથ ભગવાનનું નામ લઈ રહ્યા હતા. આ સાંભળીને એમની માતા ખૂબ કડવાશથી બોલ્યા, "ચૂપ થઈ જા, મૂરખ. બાળપણથી ભગવાનને ભજતો આવ્યો છે. શું કર્યું આ ભગવાને તારા માટે ?" અતિશય ગરીબીના કારણે એમની શ્રદ્ધાળુ માતાનો વિશ્વાસ પણ ડગી ગયો હતો. આ શબ્દો નરેનને ખૂબ વાગ્યા.

એમણે પોતાની જાતને કહ્યું, "કાલિમા તો મારા ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની બધી જ પ્રાર્થના સાંભળે છે. મારા પરિવારને આ ગરીબીમાંથી ઉગારવા માટે ગુરુજીને પ્રાર્થના કરવા માટે કહીશ." જ્યારે નરેને ગુરુજીને કાલિમાને પ્રાર્થના કરવા માટે વિનંતી કરી ત્યારે શ્રી રામકૃષ્ણે એમને કહ્યું,



"તમે જાતે જ કાલિમાને પ્રાર્થના કરો. આજે મંગળવાર છે. માની આરાધના માટે ખૂબ શુભ દિવસ છે. આજે સાંજે એમના મંદિરે જઈને, વિનયથી એમને દંડવત કરી જે કંઈ પણ પ્રાર્થના કરશો, તે ચોક્કસ ફળશે. કાલિમા તો પ્રેમ અને કરુણાની મૂર્તિ છે. પોતાના ભક્તોની સાચા દિલથી કરેલી પ્રાર્થનાને તેઓ અવશ્ય ફળીભૂત કરશે"

રાતના ૯ વાગે નરેન્દ્રનાથ કાલિમાના મંદિરમાં ગયા. તેમને માના દર્શન કરવાની આતુરતા હતી. હૃદયમાં એક અનેરો લાગણીનો તરંગ વર્તાતો હતો. જ્યારે એમની નજર માની મૂર્તિ પર પડી ત્યારે તેમને સાક્ષાત્ માના દર્શન થયા. સાથે સાથે એવું પણ લાગ્યું કે જાણે એમને મા પાસેથી કોઈપણ આશીર્વાદ મળી શકે એમ છે - સુખી સાંસારિક જીવનના અથવા તો આધ્યાત્મિક આનંદના આશીર્વાદ.

નરેન્દ્રનાથે સાચી સમજણ, જ્ઞાન, ત્યાગ અને માના અવિરત દર્શન માટે પ્રાર્થના કરી. પણ તેઓ મા પાસે પૈસાની માંગણી કરવાનું ભૂલી ગયા. પ્રાર્થના કર્યા બાદ તેમને ખૂબ અંતર શાંતિ થઈ. ગુરુજીએ પૂછ્યું ત્યારે તેમને યાદ આવ્યું કે તેઓ પ્રાર્થનામાં પૈસાની માંગણી કરવાનું તો ભૂલી જ ગયા.

ગુરુજીએ નરેન્દ્રને ફરી મંદિરે જઈ, માને પોતાની જરૂરતો પૂરી કરવા માટે પ્રાર્થના કરવા કહ્યું. નરેન ફરી પ્રાર્થનામાં પૈસાની માંગણી કરવાનું ભૂલી ગયા. ત્રીજી વખત પણ આવું જ બન્યું.

ગુરુજીના આનંદનો પાર ના રહ્યો. તેમણે નરેનને કહ્યું, "મનુષ્ય જીવનનો ધ્યેય સંસારિક સુખો કે પછી માત્ર ખાવાનું કે કપડા મેળવવાનો ના હોવો જોઈએ, તમારો ધ્યેય લોક-કલ્યાણનો હોવો જોઈએ. શ્રદ્ધા રાખો. તમારા પરિવારનું સાદગીથી ગુજરાન અવશ્ય થશે."



થોડા જ વખતમાં નરેન્દ્રનાથને વિદ્યાસાગર શાળામાં એક શિક્ષક તરીકે નોકરી મળી ગઈ અને સાદગીથી તેઓ પોતાના પરિવારનું ભરણ-પોષણ કરી શક્યા.

જોયું મિત્રો, નરેન્દ્રની પ્રાર્થનાનો હેતુ કેટલો ઉચ્ચ હતો ! કોઈ સંસારિક સુખો મેળવવાની એમને ઝંખના નહોતી. સાચા દિલની પ્રાર્થનાએ એમને સંજોગ ભેગો કરી આપ્યો. પરિવારના નિર્વાહ માટે થોડો વખત નોકરી કરી અને પછી લોક-કલ્યાણનું પણ બહુ મોટું કામ કરી શક્યા.






સાચા દિલની પ્રાર્થના બધા સંયોગ ભેગા કરી આપે.




# આ તો ન

લપસવું સહેલું છે, માટે ઉપર ચડવા પ્રાર્થના કરી શક્તિઓ માંગી લેવી.






ભગવાન પાસે શક્તિ માંગીએ એટલે પરમ વિનય ઉત્પન્ન થાય એટલે ભગવાન તરત શક્તિ આપે જ, છૂટકો જ નહીં.


# વી જ વાત !



શબ્દો કરતાં પ્રાર્થના વધારે કામ કરે. શબ્દો બે આની કામ કરે જ્યારે પ્રાર્થના સોળ આની કામ કરે.



અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના
દીપ સૂતા સૂતા કંઈક વિચારતો હતો. એણે એટલો જોરથી મુઠ્ઠીમાં બોલ પકડ્યો હતો કે હાથમાંથી સરકીને નીચે જમીન પર પડી ગયો હતો.
મમ્મી, ડેડી !
દીપ, આ ત્રીજી વાર તે બૂમ પાડી. શું છે હવે ?
મારો બોલ નીચે પડી ગયો. ડેડી, તમે થોડીવાર મારી સાથે બેસશો ? મને એકલા ડર લાગે છે.
શાનો ડર ?
મારા ક્લાસના પેલા બે ગુંડાઓનો, પુનિત અને સાકેતનો ! એ લોકો રોજ મારી મશ્કરી કરે છે. આજે મેં ટીચરને એમની ફરિયાદ કરી. એમને સજા પણ થઈ, પણ જતાં જતાં એમણે મને ધમકી આપી કે એ લોકો મને જોઈ લેશે.
દીપ, ઘણીવાર લોકોને બીજાને દુઃખ આપવાના પરિણામનો ખ્યાલ જ નથી હોતો, પણ એમને સુધારવાનો એક જ રસ્તો છે. એમને માટે પ્રાર્થના કરવાની.
પ્રાર્થના, અને એ ગુંડાઓ માટે ?


હા, તારે પુનિત અને સાકેતની અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના કરવાની કે એમને સદ્‌બુદ્ધિ મળે. બસ, આટલું જ કરીશ તો ધીરે ધીરે એ લોકો સુધરી જશે અને તને હેરાન પણ નહીં કરે.
ખરેખર ?
બીજા દિવસે રિસેસમાં...
અરે વાહ ! ચશ્મીસ આજે આપણા માટે મજેદાર લિજ્જતદાર સેન્ડવિચ લાવ્યો છે ! આપણે એની મજેદાર સેન્ડવિચ ખાઈને એને બરાબરની મજા ચખાડીએ.
દીપના આંખમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા. એને એ લોકો પર ખૂબ ગુસ્સો આવ્યો. એટલામાં એનો દોસ્ત પાવન ત્યાં આવ્યો...
રડ નહીં, ચાલ આપણે ટીચરને કહીએ.
દીપને અચાનક એના ડેડીના શબ્દો યાદ આવ્યા...
જો તું એમના પ્રત્યે દ્વેષ રાખીશ, તો તને બળતરા થશે અને એ લોકો પણ તારી સાથે વેર બાંધશે. એના બદલે જો તું એમના માટે પ્રાર્થના કરીશ, તો તને શાંતિ મળશે, અને એ લોકો પણ સુધરશે.
ના, મારે ફરિયાદ નથી કરવી.
ડરપોક...હા...હા...હા...


આખી રિસેસમાં દીપે, પુનિત અને સાકેતની અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના કરી.
હે પ્રભુ, પુનિત અને સાકેતને સદ્બુદ્ધિ આપો, એમના પર કૃપા વરસાવો. એમને કોઈને પણ દુઃખ ન આપવાની શક્તિ આપો.
રિસેસ પછી,
આજે તો તને છોડી દઈએ છીએ, પણ ખબરદાર જો હવે ક્યારેય અમારી ફરિયાદ કરી છે તો !
પ્રાર્થના કર્યા પછી દીપને અંદરથી ખૂબ શાંતિ લાગી. પછી તો જ્યારે જ્યારે પણ એને પુનિત અને સાકેતનો ડર લાગે, તો એ અંદરથી એમના માટે પ્રાર્થના શરુ કરી દેતો. એક રાત્રે,
પપ્પા, પ્રાર્થનાનો ઉપાય તો ખરેખર જોરદાર છે ! હવે તો પુનિત અને સાકેત મને બિલકુલ હેરાન નથી કરતા.
હા, પ્રાર્થનાથી તને પણ ખૂબ શક્તિ મળશે. તું પણ રોજ ભગવાન પાસે એવી શક્તિ માંગજે કે મારા મન - વચન - કાયાથી કોઈને દુઃખ ના હો.
એક દિવસ રિસેસમાં...
શું થયું ચશ્મીસ ? આજે લંચબોક્સ નથી લાવ્યો ?
ના, ઉતાવળમાં ભૂલી ગયો.
ચાલ, આજે તું અમારી સાથે લંચ કર ! મજા પડશે.
દીપ, પુનિત સામે મીઠું હસ્યો. આજે એને પ્રાર્થનાના પાવર ઉપર સ્ટ્રોંગ શ્રદ્ધા બેસી ગઈ.

# તમારી જાતને ચકાસી જુઓ...

**ટાઈલ્સમાં આપેલા શબ્દોને ગોઠવીને પ્રાર્થના બનાવો અને પછી નીચે આપેલી પાંચ પરિસ્થિતિઓની સામે યોગ્ય પ્રાર્થના નંબર લખો.**

૧) | હે પ્રભુ | કાયાથી | દુઃખ ન | કિંચિત્મા | પ્રાપ્ત મ | ન વચન | જીવને | હો | ઈ પણ | તના કો | ત્ર પણ | આ | જગ |

૨) | આપો | જ | ગતનું | કરો | દ્ બુદ્ધિ | થા જગ | તને સ | મને ત | કલ્યાણ |

3) | ન બો | લવાની | ઠોર અ | લી ભાષા | ને તંતી | શક્તિ | મને ક | આપો |

૪) | શાંતિને | ણસો સુ | બધા મા | ખ અને | પામો | ઘરના |

૫) | દત છૂ | એની ખ | ટે એવી | રાબ આ | કૃપા કરો |

૧) તમારા મિત્રને તમારી સાથે ખોટું બોલવાની આદત છે.

૨) દરરોજ સવારના દિલથી પાંચ વાર પ્રાર્થના કરવી કે-

3) મમ્મી-પપ્પાને મોટા ભાઈના ભણતરની ખૂબ ચિંતા રહે છે અને ભાઈ સાથે રોજ તેના કારણે ઘરમાં ઝઘડા પણ થાય છે.

૪) તમારી શાળામાં અમુક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બીજા વિદ્યાર્થીઓની મશ્કરી કરી એમને ખૂબ હેરાન કરે છે.


૫) તમારી કઠોર વાણીના કારણે તમારે બધા સાથે ઝઘડો થતો રહે છે, અને એનો તમને પસ્તાવો છે.

**જવાબ :-**


૧) પ્રાપ્ત મન-વચન-કાયાથી આ જગતના કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ ન હો.
૨) મને તથા જગતને સદ્બુદ્ધિ આપો, જગતનું કલ્યાણ કરો.
3) મને કઠોર અને તંતીલી ભાષા ન બોલવાની શક્તિ આપો.
૪) ઘરના બધા માણસો સુખ અને શાંતિને પામો.
૫) એની ખરાબ આદત છૂટે એવી કૃપા કરો.
૧) - ૫, (૨) - ૧, (3) - ૪, (૪) - ૨, (૫) - 3

# ચાલો રમીએ....


**૧.** નીચેના વર્તુળમાં ૧ થી ૬ આંકડાને એવી રીતે ગોઠવો કે, ત્રિકોણની બાજુઆનો સરવાળો ૯ આવે. ?




**૩.** શું તમે ૩ ચોરસ એવી રીતે દોરી શકો કે જેનાથી આકૃતિમાં દર્શાવેલ ૯ ટપકાઓ ૩ ચોરસમાં આવી જાય ?



**૨.** નીચે આપેલા તાળાની સાચી ચાવી શોધો.




**૪.** સુડોકું રમો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 4 | 1 | 5 | | 2 | 7 | | | |
| 8 | | 6 | 9 | | | 3 | | 5 |
| | | | | | 9 | 8 | 4 | |
| | | | 7 | | 6 | 1 | | |
| | | | 1 | | 4 | | 9 | 7 |
| | 5 | | | | 2 | 4 | | 9 |
| 2 | | 4 | 6 | | | 7 | | |
| | 9 | | | 7 | | | | 8 |

## ૫.

દરેક હરોળમાં બે ચિત્રોની ક્રિયા એકબીજા સાથે જોડાયેલી છે. એ બંને ચિત્રો શોધી (✓) કરો.

i


a ☐


b ☐


c ☐

ii


a ☐


b ☐


c ☐


iii


a ☐


b ☐


c ☐

iv



a ☐


b ☐


c ☐


## ૬.

દર્શાવેલ આકૃતિમાં હજી એક સ્ટાર બનાવો જે બીજા બધા સ્ટાર જેવો જ લાગે અને એ બધાથી મોટો હોય અને જે બનાવતા બીજા કોઈ સ્ટારને ના અડે.




# ઐતિહાસિક ગૌરવગાથાઓ

અમદાવાદથી ૬૦ માઈલ દૂર આવેલા ધંધૂકામાં ઈ.સ. ૧૦૮૮માં આચાર્ય હેમચંદ્રનો જન્મ થયેલો. એમના માતા પાહિની જ્યારે ગર્ભવતી હતા ત્યારે તેમણે એક સુંદર સ્વપ્ન જોયું. એ સપનાનું વર્ણન તેમણે તે સમયે ધંધૂકામાં સ્થિત આચાર્ય દેવસૂરિને કહ્યું. સપનાના આધારે આચાર્યે પાહિની માતાને કહ્યું, ''આધ્યાત્મિક દુનિયામાં નામ કાઢે તેવા પુત્રને તમે જન્મ આપશો.''




પાહિનીએ પુત્રને જન્મ આપ્યો અને એનું નામ ચાંગદેવ રાખ્યું. ફરી જ્યારે આચાર્ય દેવસૂરિ ધંધૂકા આવ્યા ત્યારે પાહિનીને તેના દીકરા સાથે જોઈને તેઓએ પાહિનીને કહ્યું, ''તારા આ બુદ્ધિવાન દીકરાને મને સોંપી દે, એ એક મહાન ધર્મ-તારક બનશે.'' આચાર્યની વિનંતીથી પાહિનીને તો આઘાત લાગ્યો. તેણે પોતાના દીકરાને આપવાની ચોખ્ખી ના પાડી દીધી. આચાર્યે પાહિનીને ખૂબ સમજાવ્યા, ''તારો પુત્ર જૈન પરંપરાને બહુ ઉજ્જવલ બનાવશે. સમાજના ઉત્થાન માટે પોતાના સ્વાર્થ અને મમતાનો ભોગ આપી દે બહેન.'' છેવટે પાહિની માની ગયા અને પોતાનો પુત્ર આચાર્યને સોંપી દીધો. આચાર્યે તેને સાધુ બનાવ્યો અને સોમચંદ્ર નામ આપ્યું.

સોમચંદ્ર પ્રખર બુધ્ધિશાળી હતો. તેણે થોડા જ સમયમાં તત્વજ્ઞાન, તર્કજ્ઞાન, ન્યાય, વ્યાકરણ અને બીજા કેટલાય વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. સાથે સાથે સહનશીલતા, પવિત્રતા, સાદગી, ઉમદાપણું જેવા ગુણો પણ આપોઆપ એમનામાં પ્રગટ થયા. એકવીસ વર્ષની નાની ઉંમરે આચાર્ય દેવસૂરિએ સોમચંદ્રને આચાર્યની પદવી આપી, અને હેમચંદ્ર આચાર્ય નામ આપ્યું.




ગુજરાતના રાજા સિધ્ધરાજના સહકારથી આચાર્ય હેમચંદ્રએ ઉમદા અને ઉચ્ચ પ્રકારના સંસ્કાર લોકોમાં સ્થાપિત કર્યા. સિધ્ધરાજના અવસાન પછી કુમારપાળ રાજા થયા. કુમારપાળ અને હેમચંદ્ર વચ્ચે ગુરુ-શિષ્યનો સંબંધ




કાયમ હતો, કુમારપાળ હેમચંદ્રાચાર્યની સલાહ પ્રમાણે જ ચાલતો અને ખૂબ ટૂંકા ગાળામાં ગુજરાત અહિંસા, શિક્ષણ અને સંસ્કારની બાબતમાં મહત્વનું કેન્દ્ર બન્યું.

હેમચંદ્રાચાર્યે કદી પોતાના વિકાસ કે ભવિષ્યની ચિંતા નહોતી કરી. તેઓ હંમેશાં પ્રજાના કલ્યાણનો જ વિચાર કરતા, પણ કેટલાક બ્રાહ્મણો હેમચંદ્રાચાર્યનો રાજા પરના પ્રભાવની ખૂબ ઈર્ષ્યા કરતા અને જૈનધર્મને તથા હેમચંદ્રાચાર્યને પછાડવા પ્રયત્ન કરતા.




આ જ હેતુથી એકવાર બધા બ્રાહ્મણો ભેગા થઈને કુમારપાળ રાજાને મળ્યા અને હેમચંદ્રાચાર્યની ટીકા કરતાં કહ્યું. "રાજાજી, તમને ખ્યાલ નથી, પણ હેમચંદ્રાચાર્ય બહુ અભિમાની છે. હિંદુ દેવી-દેવતાઓને માનતા જ નથી." રાજા કુમારપાળ પોતાના ગુરુ વિરુદ્ધની વાતો માનવા તૈયાર ન હતા. તેથી પોતાની વાતની ખાતરી કરાવવા બ્રાહ્મણોએ રાજા કુમારપાળને કહ્યું, "હેમચંદ્રાચાર્યને ભગવાન શંકરના મંદિરમાં બોલાવો અને એમનું અભિમાન આપ જાતે જ જોઈ લો."

બ્રાહ્મણોને ખાતરી હતી કે હેમચંદ્રાચાર્ય શંકરના મંદિરમાં આવશે નહીં અને શંકરને માથું નમાવશે નહીં. તે દિવસે રાજા કુમારપાળે હેમચંદ્રાચાર્યને ભગવાન શંકરના મંદિરમાં પોતાની સાથે આવવા જણાવ્યું. હેમચંદ્રાચાર્યે બિલકુલ આનાકાની વગર રાજાની વાત સ્વીકારી લીધી. બ્રાહ્મણોને તો ખાતરી હતી કે હેમચંદ્રાચાર્યને અપમાનિત કરવાની એમની યોજના સફળ થશે, પણ બધાના આશ્ચર્ય વચ્ચે હેમચંદ્રાચાર્યે ભગવાન શિવને નમસ્કાર કર્યા અને પ્રાર્થના કરી કે "જગતમાં રહેલા રાગ અને દ્વેષનો નાશ કરનાર એવા ભગવાનને હું નમસ્કાર કરું છું. પછી તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શિવ હોય કે જિન હોય."



આચાર્ય હેમચંદ્રના આ ઉમદા કાર્યથી એ પૂરવાર થયું કે તેઓ ગમે તે ધર્મના પરમાત્માના ગુણોને પ્રણામ કરે છે. આચાર્ય હેમચંદ્રના પ્રભાવથી રાજા કુમારપાળે જૈનધર્મ અંગીકાર કર્યો અને રાજ્યમાં હિંસા અને કોઈપણ પશુને મારવા પર પ્રતિબંધ મૂક્યો. જૈનધર્મમાં ચીંધેલા ઘણાં નિયમો અમલમાં મૂક્યા. એમના પ્રભાવથી ગુજરાત શાકાહાર તરફ વળ્યું.



# મીઠી યાદેં

નીરુમાના બર્થ ડેનો પ્રસંગ છે. સીમંધર સીટીમાં રહેતી નાનકડી છોકરીઓ નીરુમા માટે કંઈ ને કંઈ ખાવાનું બનાવીને લઈ જવાની હતી. એક છોકરી સેન્ડવિચ બનાવીને લઈ ગઈ. એ છોકરી માટે નીરુમા એના મમ્મી કરતાં પણ વિશેષ હતા. એટલી હદે વિશેષ કે એકવાર મમ્મી ન હોય તો ચાલે, પણ નીરુમા ન હોય તો ન ચાલે.

એણે નીરુમાને ચીઝ સેન્ડવિચ આપતાં પૂછ્યું, ''નીરુમા, ચીઝ સેન્ડવિચ ખાશો ?''

નીરુમાએ કહ્યું, ''ના, હું ચીઝ નથી ખાતી.''

એણે દીપકભાઈને પૂછ્યું તો એમણે પણ 'ના' પાડી કે તેઓ પણ ચીઝ નથી ખાતા. ત્યાર બાદ નીરુમાએ એ છોકરીને પૂછ્યું કે 'તું ચીઝ ખાય છે ?' એણે 'હા' કહી. નીરુમાએ તરત પ્રશ્ન કર્યો, ''તારે લગ્ન કરવા છે ?''

છોકરીએ જવાબ આપ્યો, ''ના, નીરુમા મારે બ્રહ્મચર્ય પાળવું છે.''

આ સાંભળી નીરુમા બોલ્યા, ''જા, બહાર જઈને બેસ.'' પેલી છોકરી ઉદાસ થઈને બહાર જતી રહી. એને ડર લાગી ગયો કે હવે નીરુમા એને ફરી નહીં બોલાવે તો!

થોડીવાર રહીને નીરુમાએ એને અંદર બોલાવી અને એમના હાથે એને વેજીટેબલ સેન્ડવિચ ખવડાવતાં કહ્યું, ''લે, આ ચાખીને કહે કે કેવી છે ?''

ખાઈને પેલી છોકરીએ કહ્યું, ''બહુ સરસ છે.''

નીરુમાએ કહ્યું, ''તો દે પ્રોમિસ કે હવેથી તું ચીઝ નહીં ખાય.''

છોકરીએ પણ તરત પ્રોમિસ આપ્યું.

નીરુમાએ કહ્યું, ''ચીઝ એ બ્રહ્મચર્યનું પાલન કરનારાઓ માટે ખાવા જેવી વસ્તુ નથી.''

પછી નીરુમાએ એને પ્રેમથી કહ્યું, ''ચાલ, મારા હાથ ધોઈ દે.'' એણે નીરુમાના હાથ ધોવડાવ્યા અને રાજી રાજી થઈને ઘરે ગઈ.

જોયું મિત્રો, આપણને ખબર ન પડે પણ નીરુમા આપણા ધ્યેયને શું બાધક છે એનું કેટલું ધ્યાન રાખતા હતા, અને કેટલી સરળતાથી એમાંથી બહાર પણ કાઢતા!



# પૂજ્યશ્રી સાથે બાળકો



પ્રશ્નકર્તા : દીપકભાઈ, મને કોઈનું નેગેટિવ જલદી દેખાઈ આવે. પોઝિટિવ જલદી ના દેખાય.

દીપકભાઈ : આપણે નવરા બેસીએને, ત્યારે એ વ્યક્તિનું પોઝિટિવ લખવાનું. એક નેગેટિવની સામે બે પોઝિટિવ લખવાના. એટલે આપણી મહીં સવળી શક્તિ ઉત્પન્ન થાય અને જેટલા નેગેટિવ દેખાય એની માફી માંગી લેવાની કે 'હે દાદા ભગવાન, આવું ઊંધું જોયું એની માફી માંગું છું. મને પોઝિટિવ જોવાય એવી શક્તિ આપો.' આ મન તો જાત - જાતનું બતાડે પણ આપણે સમજી જવાનું કે આ મન બતાડે છે એ ખોટું છે. જેમ આપણે જમતા હોઈએ અને બાજુવાળો જમતો હોય, તો આપણે એની થાળીમાં થોડો હાથ નાખીએ ? મનમાં થાય કે એની થાળીમાં સરસ લાડવો છે અને આપણી થાળીમાં નથી. તો આપણે હાથ ઘાલીએ કંઈ ?

પ્રશ્નકર્તા : ના.

દીપકભાઈ : મન તો બતાડે તેથી કરીને આપણને સમજણ છે ને કે કોઈ અવિવેક ના કરાય, કોઈને દુઃખ ના અપાય. મન બધું ઊંધું બતાડેને, પણ આપણે સીધું કરી નાખવાનું. મન બતાડે ઊંધુ, 'આ બહુ જૂઠો માણસ છે.' તો કહેવાનું કે 'ના, બીજા માટે સારોય છે. આપણાથી ઊંધુ ના જોવાય.' આપણે વાંધો ઊઠાવવો મનની વાતમાં. ધીમે ધીમે આ કચરો, નેગેટિવીટી જતી રહેશે. દાદા ભગવાન શું કહે છે કે જીવનમાં એક સિધ્ધાંત રાખવો કે 'મારે કોઈના નેગેટિવ જોવા જ નથી. હંમેશાં પોઝિટિવમાં જ રહેવું છે.' કોઈ નેગેટિવ વાત કરે તોય એને કહેવાનું કે મને આમાં રસ નથી. પોઝિટિવ રહીએ તો નેગેટિવનો બધો કચરો નીકળી જશે. આપણે વિરોધ કરવાનો કે 'હે દાદા ભગવાન! મને પોઝિટિવમાં રહેવાની શક્તિ આપો.'

પ્રશ્નકર્તા : હું મારા ટીચરની અપેક્ષા પૂરી નથી કરતી એવો મને ભય છે.

દીપકભાઈ : શું થયું?

પ્રશ્નકર્તા : જ્યારે મારા ટીચર મને વર્ગમાં પ્રશ્ન પૂછે અને મને એનો જવાબ ના આવડે ત્યારે તે કહે કે 'મને તારા તરફથી ઘણી અપેક્ષા છે.'

દીપકભાઈ : હા, તો તારે વધારે ભણવું જોઈએ. કારણ કે ટીચર વધારે ભણવાની આશા રાખે છે. વધારે માર્કસ મેળવવા માટે તે બરાબર છે. દાદા ભગવાન પાસે શક્તિ માંગવાનો પ્રયત્ન કરો. ૧૦ મિનિટ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો. દાદા પાસે એકાગ્રતા માટે શક્તિ માંગો, તો ધીમે ધીમે તારા ભણતરમાં સુધારો થશે. ટીચર જે કંઈ પણ કહે છે, તેને સ્વીકારવું અને પોઝિટિવ થવાનો પ્રયત્ન કરવો, જેથી ટીચરની અપેક્ષાઓ પણ પૂરી કરાય અને તારા ભણતરમાં પણ વધારો થાય.

પ્રશ્નકર્તા : તો મારે તેઓની અપેક્ષાઓ પૂરી કરવી જોઈએ ?


દીપકભાઈ : હા, એ તારા ભણવા માટે ઉપયોગી થશે, નહીં કે ટીચર માટે, જો ટીચરને તારા માટે અપેક્ષા છે કે તું સારું શીખે, સારું ભણે, અને એમના સબ્જેક્ટમાં સારા માર્કસ મેળવે, તો એમાં ખોટું શું છે ?

પ્રશ્નકર્તા : કાંઈ જ નહીં.

દીપકભાઈ : એ તારા ભવિષ્ય માટે ઉપયોગી થશે અને તારી ભવિષ્યમાં કારકિર્દી સારી થશે. તો આપણે નેગેટિવ કેમ લઈએ કે કેમ વધુ અપેક્ષાઓ રાખતા હશે ? તારે પોઝિટિવ રહેવું જોઈએ. ટીચર મને જે કહે છે તે મારા માટે સારું જ છે, નહીં કે ટીચર માટે.

જીવનમાં એક સિધ્ધાંત રાખવો કે, 'મારે કોઈના નેગેટિવ જોવા જ નથી. હંમેશાં પોઝિટિવમાં જ રહેવું છે.'

# પ્રાર્થના



## રોજ સવારના ઊઠીને કરવાની પ્રાર્થના.....

હે અંતર્યામી પરમાત્મા ! મારા મનથી, વાણીથી અને વર્તનથી કોઈને પણ દુઃખ ન થાય એવી શક્તિ આપો.

હે અંતર્યામી પરમાત્મા, મને તમારા જેવો જ બનાવજો અને મને મોક્ષે લઈ જજો.



## ભણતા પહેલાં બોલવાની પ્રાર્થના.....

જ્યારે પણ ભણવા બેસવાનું હોય ત્યારે એક જગ્યાએ સ્થિર બેસીને સૌ પ્રથમ દસ મિનિટ આંખો બંધ કરીને શબ્દે શબ્દ વંચાય તેવી રીતે

**'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'**

એમ બોલવું. 'દાદા ભગવાન' એટલે પોતાની અંદર બેઠેલા આત્મારૂપી ભગવાનને સંબોધાય છે. 'દાદા ભગવાન'ની જગ્યાએ તમે જે ભગવાનને માનતા હોય તે ભગવાનનું નામ લઈને પણ શબ્દે શબ્દ વંચાય તેમ અવશ્ય બોલી શકાય છે.




## પરીક્ષા વખતે ભણતા પહેલાં બોલવાની પ્રાર્થના.....

હે અંતર્યામી પરમાત્મા ! હું આપને હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું કે મને ભણવાનું બધું યાદ રહે તેવી સર્વોત્તમ યાદશક્તિ આપો. તે માટે હે અંતર્યામી પરમાત્મા ! મારી ચિત્તવૃત્તિના જે જે દોષો થયા હોય તેની ક્ષમા માગું છું ને ચિત્તવૃત્તિને આપનામાં અને ભણવામાં એકાગ્ર કરવાની શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

## પ્રતિક્રમણ


હે અંતર્યામી પરમાત્મા ! આજે આખા દિવસ દરમ્યાન જાણતાં કે અજાણતાં મારા મનથી, વાણીથી કે કાયાથી કોઈપણ જીવને દુઃખ થયું હોય, તો તેની અંદર બેઠેલા ભગવાન પાસે માફી માંગું છું, તેનો હૃદયપૂર્વક ખૂબ પસ્તાવો કરું છું, તે માટે મને માફ કરજો અને ફરી એવા દોષો ક્યારેય પણ ના કરું એવી મને પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.


# પઝલના જવાબ




૫. i -b,c ii -a,c iii -a,c iv -b,c




૪.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 9 | 5 | 6 | 8 | 2 | 1 | 4 |
| 4 | 1 | 5 | 3 | 2 | 7 | 9 | 8 | 6 |
| 8 | 2 | 6 | 9 | 4 | 1 | 3 | 7 | 5 |
| 1 | 6 | 7 | 2 | 5 | 9 | 8 | 4 | 3 |
| 9 | 4 | 8 | 7 | 3 | 6 | 1 | 5 | 2 |
| 5 | 3 | 2 | 1 | 8 | 4 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 1 | 2 | 4 | 6 | 9 |
| 2 | 8 | 4 | 6 | 9 | 5 | 7 | 3 | 1 |
| 6 | 9 | 1 | 4 | 7 | 3 | 5 | 2 | 8 |

**મિત્રો, તમારું વેકેશન શરૂ થઈ ગયું છે ને ? તો આવો, અક્રમ એક્સપ્રેસની 'આર્ટિસ્ટિક (કલાત્મક) હેન્ડ રાઈટીંગ' સ્પર્ધામાં જોડાઈ જાઓ.**

**ગ્રુપ્સ - ૭ થી ૯ વર્ષ,૧૦ થી ૧૨ વર્ષ, અને ૧૩ થી ૧૫ વર્ષ.**

## સ્પર્ધાના નિયમ -

૧. તમારા મનપસંદ વિષય ઉપર ઓછામાં ઓછી વીસ લીટીઓ લખવાની રહેશે.

૨. લખાણ ગુજરાતી, ઈંગ્લીશ અથવા હિન્દી ભાષામાં લખીને મોકલવાનું રહેશે.

૩. કલાત્મક અસર લાવવા માટે. પેન, બ્રશ, કેલીગ્રાફી (સુલેખન) અથવા મોનોલાઈન માર્કરનો ઊપયોગ કરી શકાશે. ઈંગ્લીશ ભાષા માટે કર્સીવ અથવા મેનુસ્ક્રીપ્ટ બંને લખાણ માન્ય ગણાશે.

૪. લખાણ સ્પષ્ટ વંચાય એવું લખવું.

૫. હાથે લખેલી કોપી નીચે આપેલા સરનામા પર અથવા સ્કેન કરેલી કોપી નીચે આપેલા ઈ મેઈલ પર મોકલવી. પ્રીન્ટ આઉટ કે ફોટો કોપી સ્પર્ધા માટે માન્ય ગણાશે નહીં.

૬. આપની એન્ટ્રી અમને ૧૦ મે, ૨૦૧૩ સુધીમાં મોકલી આપશો.

**દરેક ગ્રુપના વિજેતાનું ઈનામ, તેના ઘરના સરનામે મોકલી આપવામાં આવશે. સ્પર્ધાનું પરિણામ જુન, ૨૦૧૩ના અંકમાં છાપવામાં આવશે,**

## અક્રમ એક્સપ્રેસના વાચકોને...

*બાળમિત્રો,*

*દર મહિને આપણે મળીએ તો છીએ પણ હું તમને પૂછવાનું ભૂલી જાઉં છું ચાલો, આજે પૂછી લઉં. તો મિત્રો, તમને અક્રમ એક્સપ્રેસ વાંચવાનું ગમે છે ? અક્રમ એક્સપ્રેસ વાંચ્યા પછી તમારા જીવનમાં કેવો ફેરફાર તમે અનુભવો છો ? એ અમને જરૂરથી જણાવજો જેથી અમને તમારા માટે વધુ ને વધુ સારા અંકો બનાવવા માટે પ્રોત્સાહન મળે. તમારા અનુભવો અમને નીચે આપેલા એડ્રેસ અથવા* **e-mail id** *પર જરૂરથી મોકલાવશો.*

બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ, જી.-ગાંધીનગર - ૩૮૨૪૨૧, e-mail:akramexpress@dadabhagwan.org

Akram Express

April 2013
Year : 5, Issue : 8
Conti. Issue No.: 56

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month





# અંબા સ્કૂલ ફોર એક્સેલેન્સ

## એડમિશન ઓપન (ગુજરાતી માધ્યમ)

અક્રમ સાયન્સના બેઝથી તૈયાર થતી ભવિ પેઢી કે જે, અડાલજ ત્રિમંદિર સંકૂલ, A.T.P.L માં આવેલ 'અંબા સ્કૂલ ફોર એક્સેલેન્સ' માં ગુજરાતી માધ્યમમાં નર્સરીથી ધોરણ-૧૦ સુધી પ્રવેશ ચાલુ છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સત્વરે પોતાનું નામ ફોન પર રજીસ્ટ્રેશન થયા બાદ ઈન્ટરવ્યૂ પ્રોસેસ કરીને એડમિશન આપવામાં આવશે.

**સ્કૂલ એડ્રેસ-** A.T.P.L, ત્રિમંદિર સંકૂલ, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ, ગાંધીનગર-૩૮૨૪૨૧
**ફોન નંબર-** ૭૬૮૯૯૬૬૬
**ઈ-મેઈલ એડ્રેસ-** info@ambaschool.com

ખાસ બેબી એમ.એચ.ટી. એજ ગ્રુપ માટે બહાર પડેલી નવી બુક 'અક્રમ પિડીયા'નું ઉદ્ઘાટન કરતા પૂજ્યશ્રી



તા. ૬-૩-૨૦૧૩, પૂજ્યશ્રીના જ્ઞાનદિવસે બેબી એમ.એચ.ટી. દ્વારા પ્રસ્તુત ડાન્સની એક ઝલક





*અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના*

*આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત.* **AGIA4313 #** *અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત.* **AGIA4313 ##.**

*અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.*

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.